# પ્રકૃતિ અને હું

જેમ જેમ પૃથ્વીનો વધુ પરિચય થતો જાય છે તેમ તેમ મને સમજાતું જાય છે કે ઈશ્વરે મારા માટે કેવી સરસ પૃથ્વીનું સર્જન કર્યું છે. નાનપણમાં 'મંદિર તારું વિશ્વ રૂપાળું' પ્રકૃતિનું પ્રત્યેક પાંદડું કોઈ ને કોઈ સંદેશો આપ્યા કરે છે, રોજ ખીલતું પ્રત્યેક પુષ્પ રોજ ને રોજ પ્રેમનો અને હકારાત્મકતાનો નવો આયામ ખોલી આપે છે. રોજ વહેતો આ શીતળ પવન કોઈ અજાણ્યા કવિની પંક્તિ સંભળાવવા માટે જાણે ઉતાવળો હોય છે. પ્રત્યેક જળનું બિંદુ મને અદ્‌ભુત ઠંડક અને નદીના સ્પર્શનો અનુભવ કરાવે છે. બહુ વખત લાગે છે કે હું મને જે ગણતો હતો તેનાથી પણ વિશેષ ઓળખવા પ્રયત્ન કરું છું ત્યારે સતત એવું લાગ્યા કરે છે કે હું આ પ્રકૃતિના પરિવેશમાં વીંટળાયેલો કોઈ કાગળ છું, કોઈ સંદેશ છું, કોઈ કવિતા છું, કોઈ નહીં લખાયેલા પુસ્તકનું લીલુંછમ્મ પ્રકરણ છું. મારા અને પ્રકૃતિના આ સંબંધને લખવા બેસું છું ત્યારે આખા જીવનની યાત્રામાં કેવા કેવા વળાંકો આવ્યા અને કેવી કેવી રીતે પ્રકૃતિએ મને વ્હાલ કર્યું એની એક કવિતા જાણે કે ખૂલી રહી છે.

•

સવારે ઊઠું છું ત્યારે આભારવશ બનીને ઊઠું છું અને બારણાં ખોલી ઊભો રહું છું ત્યારે મારી રાહ જોતી હોય એમ હવા મને વીંટળાઈ વળે છે, ઝાડ નીચે બેઠેલો પવન કો'ક વડીલની અદાથી આવીને મને, 'કેમ છે,બેટા?' એવું પૂછી લે છે. ઝાડ નજાકતથી નજર નાંખીને મારી સામે જુએ છે, કૂંડામાં ઊગેલાં બે ફૂલ મને કો'ક બગીચામાં નીકળી પડવાનું ઇજન આપે છે, સામે ઊભેલા તૃણાંકુરો મને જોઈને ડોલવા લાગ્યા હોય એવું લાગે છે. ઝાડ નીચે ઊભેલી સફેદ ગાડીઓ ગાયો લાગવા માંડે છે, પડ્યો રહેલો આળસુ રસ્તો મને જોતાં જ સફાળો જાગી ઊઠે છે ત્યારે એના ગાલ પર વ્રજવાસીને હોય એવો આનંદ હોય છે, વિદાય લેતા અંધારાની ચાલ ગોપીના ગીત જેવી નમણી હોય છે, શાંત શેરીના પગે ઝાંઝર બાંધીને આવતું અજવાળું મારી આંખોમાં આવીને કશું આંજે છે, કોયલનો ટહુકો મારી આગળ આવીને એક નાનકડી અને નાજુક નમણી વાંસળી ઊભી કરી દે છે, હીંચકો મને આમંત્રણ આપે છે, આકાશ સહેજ નીચે નમીને આવકારે છે, ક્યારેક જૂના મિત્ર જેવું ચોખ્ખું આકાશ તો ક્યારેક બાળપણના બધા ગોઠિયા

ભેગા મળીને દોડતા તેના ચાળા પાડતા વાદળોવાળું આકાશ કાયમ મને વ્હાલ કર્યા કરે છે. હજી છાપું નથી આવ્યું હોતું એટલે હું એક વન્યફૂલની મુગ્ધતાથી મારી સવારને જોતો હોઉં છું ત્યારે નળમાંથી નર્મદાષ્ટક જેવું પાણી આવે છે. મારે મન આ સવારની પહેલી પાંચ મિનિટ એ કૃષ્ણપૂજા છે. હું પ્રકૃતિનું સંતાન છું અને એટલે પ્રકૃતિથી મને હું અલગ પાડી શકતો નથી. હું રોજ ઊઠીને આવું કરું છું એમ નહીં પણ હું બહાર આવી મારી શેરીને આવું આલિંગન આપું છું ત્યારે ઊઠું છું. અને મારો આ પ્રકૃતિ સાથેનો સંબંધ મારા જન્મ જેટલો જૂનો અને મારા કુળ જેટલો પ્રાચીન અને મારા વર્તમાન જેટલો તાજો અને મારા ભવિષ્ય જેટલો સુદૂર ક્ષિતિજ સુધી ફેલાયેલો છે. આને 'સંબંધ' કહું છું ત્યારે 'બંધ' એવો શબ્દટુકડો હેરાન કરે છે. મારે માટે આ મુક્તિનો માર્ગ છે અને જીવવાનો રાજમાર્ગ છે. Kieron O'haraનું એક અદ્ભુત પુસ્તક The Enlightenment (oneworld, oxford, 2010) પુસ્તકની શરૂઆતમાં મુક્તિની વાત લખે છે એમાં એમ્ન્યુઅલ કાન્ટના એક મહાવાક્યથી શરૂઆત કરે છે. Enlightenment is man's release from his self-incurred tutelage. આ પ્રકૃતિ મારો પ્રાણ છે, મારી કવિતા છે. મને કશું જોઈતું નથી. હું એક 'ટહુકાની તરસ' સાથે જીવું છું, અને અનેક વખત પંખી વગર, જંગલ વગર આવા ટહુકાએ મને આખેઆખો ભરી દીધો છે, ભીંજવી દીધો છે.

મારું બાળપણ બે ગામમાં વહેંચાયેલું, નારદીપુર અને સરઢવ. ઉત્તર ગુજરાતનાં બે નાનાં ન કહી શકાય એવાં મધ્યમકદનાં ગામ. પણ મારા દાદા વિષ્ણુપ્રસાદ જહા અને પિતાજી વાસુદેવ જહાનો ભારે દબદબો, ગામની ભાગોળે આવેલા વડ જેવો. મારો જન્મ નારદીપુરની 'નાગરોની કિયારી' તરીકે ઓળખાતી શેરીમાં થયો, બાળપણથી જ શિવસ્તોત્ર અને ભવાનીશક્તિના સ્તોત્રોનો કર્ણાભિષેક થયા કરે. 'કિયારી' એટલે કૂવો. કૂવામાંથી બધી સ્ત્રીઓ પાણી ખેંચીને લાવે. મારી 'મા' અને અમે બધા સરઢવ રહીએ પણ નારદીપુર પગવગું એટલે ચાલતા કે સાઇકલ પર આવવાનું બહુ થાય. રસ્તાની બંને બાજુએ ખેતરો અને ઝાડ. પવન ને પાણી. પિતાજી સરઢવ હાઈસ્કૂલમાં આચાર્ય એટલે સરઢવ અને નારદીપુરનો બે-અઢી કિલોમીટરનો રસ્તો એ મારી પ્રકૃતિની પહેલી પાઠશાળા. સરઢવથી નારદીપુર જઈએ એટલે પહેલાં બળિયાબાપાનું મંદિર આવે, અવાવરું લાગે એટલું મેલું લાગે. બાજુમાં એક નાનું આળસુ તળાવ, ભાગ્યે જ કોઈ ન્હાવા પડે. એકાદ-બે ભેંસ ઉનાળામાં પડેલી જોવા મળે, તો ક્યારેક ખેડૂત કે

ખેતમજૂર હાથપગ ધોવા ઊભા રહે. મારે મન એની મેલી સપાટી પર નહીં પડતા પ્રતિબિંબની મહત્તા ખરી. કારણ આની સામે નારદીપુરનું 'હેંર' તળાવ ભારે ખંતીલું અને ઉપયોગાતું. એને જોતાં જ ભર્યુંભાદર્યું લાગે, સામે ઝૂકેલી વાડ અને થોડા સુક્કા કાંટા કો'ક દંતકથાની માફક ઝળુંબ્યા કરે, પણ કોઈ એની નોંધ ન લે. સરઢવનું આથમણી ભાગોળનું તળાવ એ રીતે ભેંસાલય જેવું લાગે.

પણ મઝા તો રસ્તાની હતી, રસ્તાને છેડે સારા અક્ષરોમાં લખાયેલી પંક્તિ જેવી કેડી, આ કેડી થોડી થોડી વારે રસ્તાને બદલે ખેતરમાંથી પસાર થાય. જેના પર ચાલતો પણ ખરો અને સાઇકલ પણ ચલાવતો. કારણ મુખ્ય રસ્તો ભારે ધૂળિયો, સ્વભાવે બરછટ લાગે. બસ જો એ રસ્તા પરથી જાય તો ધૂળ ઉડાડે એને લીધે રસ્તા માટે ઝીણો અણગમો વિકસેલો. રસ્તો પોતે ધૂળિયો તેમ છતાં પોતાના પર બસ અને થોડી ગાડીઓ ચાલે છે એનો સૂક્ષ્મ અહંકાર પણ ખરો! બળદગાડું અને 'એકો' પણ ચાલે. નારદીપુરના જવાનજીના 'એકા'માં બેસીને અનેક વખત ગયો છું, પ્રત્યેક વખતે ડચકારાથી બળદ સાથે વાત કરતા જવાનજી અને બળદની ગતિ મારા મનમાં અબોલ પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચે થતા કમ્યુનિકેશનના અક્ષર અંકાતા જતા હતા.

બીજું કારણ એ પણ ખરું કે કેડીની સાથે સંબંધ બંધાવવાથી ખેતર સાથે જોડાઈ ગયા. વરિયાળી તો આવતાંજતાં તોડીને ખાવાની, તુવરની સિંગોનું પણ એવું જ. આ કોઈની પણ પરવાનગી વગર 'તોડી શકવું' એ એક સંબંધ હતો, એક આત્મવિશ્વાસ અને પોતાપણું હતું. પણ ખરી મહેફિલ તો ઉનાળામાં જામતી, (આ બધું ધોઇને ખાવું જોઈએ એવી સમજ નહીં વિકસેલી, કદાચ બેક્ટેરિયાને પણ અમારી નિર્દોષ હરકતો અને ભૂખ જોઈને ઊડી જવાની ઇચ્છા થતી હશે... કેરીઓની 'સીઝન' આવે એટલે ઘેરથી નાનાં નાનાં મરચા-મીઠાંનાં પડીકાં લઈને અમે ત્રણચાર જણ નીકળી પડતા. આંબાનો છાંયો કશું બોલ્યા વિના વ્હાલ કરતો, ચોકી કરવા રાખેલો વાઘરી થોડી બૂમો પાડી શાંત પડી જતો, બાળકો પ્રત્યે વધુ ક્રૂર નહીં થવાનું એવી કોઈ આધુનિક પેરેન્ટિંગની એરકન્ડિશન્ડ ભાષાનો એને પરિચય નહોતો. પણ બીજા આંબા નીચે લાકડી અને ધારિયું મૂકી બેસી જતો એ દૃશ્ય યાદ છે. જાણે કે એ સમાધાન કરી લે તો કે બાળકો અને આંબા વચ્ચેના સંબંધમાં સમાજે બહુ આવવા જેવું નથી. આને અમે આંબાવાડિયામાં મળેલું શિક્ષણ કહીશું કે આપણા ગ્રામજીવનની એક મહામૂલી માનવતાની નહીં લખાયેલી કવિતા!

ત્રણેય ઋતુઓ અમને 'મા'ની જેમ કેળવણી આપતી. શિયાળામાં અમે બધા શાળામાં દોડવા જતા, પાંચ વાગ્યાની નીરવ શાંતિ આજે પણ મારી આરાધ્ય દેવી છે, કવિની જે પંક્તિ હતી ને... 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો...' એ કશુંક આ વાતાવરણમાં અનુભવાતું. શાળાના બગીચાની મેંદીની કડવી વાસ આજે પણ નાસિકામાં સાચવી રાખી છે, ઉનાળામાં લીમડાઓ નીચે સૂવાનું. આ લીમડાઓ અમારા જીવનનું એક અવિભાજ્ય અંગ બની રહેતા. જો કે લીમડાઓ એવું નહીં કહેતાં એને 'નીમકુંજ' કહેવાનો રિવાજ હતો, એ નામાભિધાનથી જ અમારો પ્રકૃતિ સાથેનો સંબંધ ગાઢ બન્યો. અહીં રોજ સવારે પ્રાર્થના થતી, સૂરમાં ગવાતી પ્રાર્થનાથી પ્રકૃતિ સાથે એક થઈ જવાય છે એ અજાણપણે અનુભવેલું એ અત્યારે ક્યારેક અનુભવાય છે ત્યારે મૂળની કોમળતાની જેમ આ ક્ષણો જાગી ઉઠે છે. આ અમારી અસામાન્ય કેળવણી હતી, વશમાં અંકિત લલાટવાળા પિતાજી જ્યારે હાર્મોનિયમ વગાડે ત્યારે પવન, પર્ણ અને પ્રાર્થનાનો પદવિન્યાસ એક સાથે કોમળ મન ઉપર એક અદભુત ન વાંચી શકાય એવી કવિતા લખાયા કરતી. આવી કવિતાઓ શબ્દ સુધી આવે અથવા શબ્દદેહ પામે તે હંમેશાં જરૂરી નથી હોતું.

અમારું ચોમાસું એ સર્જકતાની પાઠશાળા હતી. વાડ પર વીંટળાઈ વળેલા વેલાઓનાં ગીત, શેરીઓમાંથી નીકળી પડતાં બાળકોનાં ગીત જેવા વરસાદનાં પાણી, ભેંસોની ગમાણમાંથી ઊઠતી તીવ્ર ભેંસીલી વાસ, ગામના તળાવમાં ન્હાવા પડેલાં છોકરાઓના ન સમજાય એવા અવાજો, નેવાંમાં પકડાઈ ગયેલા વરસાદનું એક વાજિંત્ર જેવું વાગવું, આ અને આવું બધું એ ટીપે ટીપે ભરાયેલું એક તળાવ છે જે પોપચાની ભાગોળે સાચવી રાખ્યું છે.

કેટલું બધું લખવું! પ્રકૃતિ એ અમારી ત્વચા હતી અને છે, અમારા લોહીમાં આજે પણ જે લય છે એનું મૂળ અને કુળ કો'ક ઝાડ પર બેઠેલા પવનમાં છે, અમારાં આંસુ એકાદ વરસાદ પાસેથી પીધેલા કો'ક આકાશના ગીતની જ ભીની ભણક છે. આ તો અમારો ખજાનો છે જ્યારે ઇચ્છા થાય ત્યારે ખોલી શકીએ છીએ. થોડી વાર કાળની કાર ઊભી રાખીએ અને રસ્તામાં નાસ્તો કરતા હોઇએ એ રીતે આ પળોને આનંદી શકીએ એવી રીતે હ્રદયના સેઇફ-વૉલ્ટમાં મૂકી રાખી છે. હૃદયના સેઇફ-વૉલ્ટમાં તો ખરી જ, પણ પાંપણની પરસાળે પણ એટલી જ જીવંત રહી શકે છે આ ક્ષણો! એટલે લાઇબ્રેરીમાં મૂકેલી કોઈ ચોપડીની જેમ જ્યારે ઇચ્છા પડે ત્યારે આ દશ્યોને નજરથી પકડી

અને બહાર કાઢી શકીએ માણી શકીએ અને એમાં જીવી શકીએ એવી એક નૈસર્ગિક સગવડ ઈશ્વરે કરી આપી છે.

મૂળભૂત રીતે હું પિતૃકેંદ્રી વ્યક્તિ છું, મારા કણેકણમાં એમની હાજરી અનુભવવી એ મારો ઉત્સવ હોય છે, એ પિતા એક વ્યક્તિમાંથી જગત્પિતા ક્યારે બની જાય છે એ ઓગળવાની ઘટનાઓનું વિવરણ કરવાની ક્ષણ પણ નથી અને શક્તિ પણ નથી. આમ તો એ રોજ વહેલા ઊઠે, નાહીધોઈ પૂજા પછી સ્તોત્રગાન કરતા. આ અમારા કાનની કેળવણી હતી. પણ એક વાર વહેલી સવારે વરસાદ પડતો હતો, રીમઝીમ...રીમઝીમ... એ મારી નજીક આવ્યા અને કહે, જાગ, જો વરસાદની મઝા. મને જ્યાં સુધી યાદ છે એ હાર્મોનિયમ સાથે મેઘદૂત ગાવા લાગ્યા. એ મંદાક્રાન્તાના સ્વર અને વરસાદી સંગીત એક સાથે વહેવા લાગ્યું, એ ઘટનાએ મારા અજાગૃત મનમાં ઓગળવાની ઘટનાનાં બીજ રોપ્યાં. આ નૃત્યાંગનાના જીવનમાં જેમ આરંગેત્રમ હોય છે, તેવું કાવ્યારોપણ હતું. આજે ક્યારેક વરસાદમાં, ક્યારેક કો'ક અજાણ્યા જંગલમાંથી આવેલા પવનમાં, ક્યારેક હીંચકા પર મારી સાથે બેસીને ગાતી ચાંદનીમાં ઓગળી જવાની, ક્યારેક કાન ખુલ્લા રાખીને આંખ બંધ કરીને ઓલવાવાની મઝા આવે છે.

ચોમાસાની એક બીજી ઘટના યાદ આવે છે, 1967નું ચોમાસું, કૃષ્ણ પક્ષની અંધારી રાત ધીરે ધીરે ગાઢ થતી જાય છે. રાત્રે સાડાનવે ભારે વરસાદ શરૂ થાય છે, અમે બધા વાંચવાનું બાજુએ મૂકી વરસાદનો ઠંડો પવન અને વાછટની મઝા લઈ રહ્યા હતા. ત્યારે ભાઇએ [બાપુજીએ] કહ્યું, “ભાગ્યેશ, લેં આ ચાવી, શાળામાં જઈ, આચાર્યના ટેબલ પર પાણી તો નથી પડતું ને! જોઈ આવ...” મા [એને અમે બહેન પણ કહેતા, છેલ્લે બા કહેતા] બોલી, “અત્યારે! આટલો બધો વરસાદ છે ને!” “બાપુજી થોડા દઢ અવાજે બોલ્યા; “આ જ તો સમય છે, વરસાદની આપણને બીક ન લાગવી જોઈએ...!!” હું સેન્ડલ પહેરી, હાથમાં છત્રી લઈને નીકળ્યો, ખબર નહોતી કે આ ગામડાના નાના બલ્બોના અજવાળામાં પડતો વરસાદ હમણાં ગામની બહાર જઈશ એટલે સાવ અજાણ્યો અને બિહામણો થઈ જશે. ચાલ્યો, ઘર આગળ વહેતું પાણી જાણીતું અને કહ્યાગરું હતું. શેરીમાં ગયો ત્યારે પાણીનો પ્રવાહ એટલો થોડો પારકો લાગ્યો, એના 'ફોર્સ'ને લીધે!! નવના'તની શેરી એ અમારી સમભાવ અને અદ્વૈત વેદાન્તની અનૌપચારિક નિશાળ હતી. શેરી ઓળંગીએ એટલે ગરાસિયાઓનાં ઘર આવે, પછી ઢાળ ઊતરીએ એટલે મિસ્ત્રીઓનાં ઘર અને ઠાકરડાવાસ દેખાય.

ત્યાં ઠાકરડાવાસ અને પ્રાથમિક શાળા વચ્ચે એક રસ્તો ધૂળિયો અને થોડો નીચાણવાળો, પછીની આંબલીનું ઝાડ પસાર કરો એટલે સરઢવ-નારદીપુરનો રસ્તો આવે, મોટા રસ્તાનો ઠસ્સો અને આથમણી ભાગોળથી આવ્યાનું થોડું ધૂળીલું અભિમાન. એક બાજુ ઠાકોરવાસની થોરિયાની વાડ જેમાં અનેક છીંડાં અને સામે હાઈસ્કૂલના કૂવાના થાળ, વૉટરરૂમ અને પાણીની ટાંકીને ઢાંકતી એક દીવાલ. ગરાસિયાઓનાં ઘર ઓળંગ્યા પછી સમસ્યા શરૂ થઈ, પાણીનો પ્રવાહ વધ્યો, પાણી ઢીંચણ સમાણાં થયાં. ઠાકોરવાસનો ઝાંખો પ્રકાશ હવે ઓલવાતો જતો હતો. વરસાદ ચાલુ થયો, ગામબહારના અંધારાની ભીની ચામડી સ્પર્શતી હોય તેમ લાગવા માંડ્યું. માંડ સો મીટર જ ચાલ્યો હોઇશ પણ પાંચ કિલોમીટર ચાલ્યો હોઉં એવું લાગવા માંડ્યું. વરસાદ ચાલુ થતાં ઠાકોરવાસથી નારદીપુરને મળવાવાળા રસ્તા પર વહી આવતું પાણી વધતું જતું. હું, મને ઘસાઇને ફેલાતું અને મને અંદર-બહારથી ઘેરતું અંધારું, પગને બીવડાવતું વહેતું પાણી. આ વહેતા પાણીમાં ગામમાંથી આવતાં લીલાં પાંદડાં, નાની સળીઓ અને રાતને ઓળંગીને મુખ્ય રસ્તા પર પહોંચી જવાની ઉતાવળ! હવે મને બીક લાગવા લાગી. જે રસ્તા પર મસ્તી કરતા હતા, ગિલ્લીદંડા લઈને જતા હતા એ રસ્તો અજાણ્યો થવા લાગ્યો. અંધારાની દીવાલો પરથી કોઈ પાછળ રહી ગયેલા ગરાસિયાવાસ અને ઠાકોરવાસને જાણે અંધારું છાંટી છાંટી ઓલવી રહ્યું હોય તેમ લાગતું હતું. ગાયત્રી મંત્ર બોલવાની ઇચ્છા થાય એવું એકાંત હતું. સામે આંબલીનું ઝાડ આવતું હતું,

આ આંબલીના ઝાડને જેટલી ડાળ એટલી ભૂતની વાર્તાઓ સાંભળેલી, એ બધી વાર્તાઓનો સળવળાટ હવે ધીરે ધીરે જાગી રહ્યો હતો, અંધારિયાની રાતે એ લીલી ડાળીઓથી શોભતા સુડોળ વૃક્ષને બદલે અંધારાને લીધે આછી કાળી બાહુઓવાળી કોઈ વિકરાળ રાક્ષસી ઊભી હોય એવું લાગતું હતું, વચ્ચે વીજળીના કડાકાથી આખું ઝાડ દેખાયેલું, પણ પછી તો એ અજવાળાની કરચોથી આંબલીની ડાળીઓ પર દીવા ટમટમી રહ્યા હોય તેવું લાગવા માંડ્યું. ગામની ડોશીઓના બોખા મોંએ સાંભળેલી ભૂતકથાઓ યાદ આવવા લાગી. નીચે પાણીમાં તણાઈ આવેલું કોઈ નાનું લાકડું પગમાં અથડાયું એથી બીક વધી, ગાયત્રી મંત્ર નહીં બોલવા દેતી ડોશીઓની વાર્તાઓ અને સામે ઝાંખું જ હતું પણ પોતાનો રંગ તો કાળો છે એવું બોલતું આંબલીનું ઝાડ. વચ્ચે એક વીજળી થઈ ત્યારે દૂર એક અવાવરું પડી ગયેલું ઘર દેખાયું, મનની સ્થિતિ ડામાડોળ

હતી, વિચાર, મંત્ર અને બીક અને ભૂતકથાઓ બધું લહેરાતું હતું. થડકો હતો, પણ હવે બસ્સો અઢીસો ડગલાં ચાલીશું એટલે મોટો રસ્તો આવશે એવી આશા, પણ પાણીનો પ્રવાહ વધારે હશે તેનું શું? એક આશા હતી, થોડું અજવાળું જોવા મળશે. આ અંધારાના કાળા બોગદામાંથી તો નીકળાશે...! એક એવું બોગદું હતું જ્યાં મેં લાચાર આકાશને અને નિરાધાર સમયને અનુભવ્યાં હતાં, અંધારેલા પાણીનો અજાણ્યો સ્પર્શ અનુભવ્યો હતો. હું ઉપરનીચે જોયા કરતો, ગાયત્રી મંત્ર બોલતો હતો, ત્યારે મારા જમણા ઢીંચણ પાસે એક અજવાળાનો ટુકડો તરતો હોય એવું લાગ્યું, લીમડાની તણાતી સળીઓ પર બેસીને આવેલું અજવાળું એક આશા જેવું લાગ્યું, અજવાળું મારી સાથે ચાલતું હોય તેવો આભાસ થયો ત્યારે પાછી થોડી બીક લાગી. પણ ત્યારે શ્વાસમાં શાંતિ પ્રગટી જ્યારે અજવાળાને છેડે એક બેટરી (ટોર્ચ) દેખાઈ જે લઈને ખુદ મારા બાપુજી આવ્યા હતા. ગાયત્રી મંત્ર અટકી ગયો, પણ એ નાનકડી બેટરીમાંથી સો સો સૂર્યોનો પ્રકાશ પામ્યો હોઉં એવી અનુભૂતિ થઈ. આ અંધારી રાતે હું અને પ્રકૃતિ જ હતાં, એ ત્રીસ મિનિટની બીક અને હિંમત, એ અંધારામાં બોલાયેલા અને સંભળાયેલા અને અનુભવાયેલા જીવનમંત્રો, એ આંખ બંધ કરીને ઊભેલા ઘરડાં વૃક્ષ, એ આંબલીની બોબડાઈ ગયેલી ભાષા, એ અજાણ્યા બનીને બીવડાવતા પાણીના પ્રવાહની પ્રવાહિત જડતા, એ ડોશીની ખુંધ જેવી નાનકડી ટેકરી પર ઉડાઉડ કરતી કાળી કહેવતો, સામેની દિશાએથી મૌન નિશાળોનાં નળિયાં પરથી ઊડીને આવેલા કોઈ બીજા ગ્રહનાં હોય એવાં કાળાં કપડાં પહેરેલાં પવનકુમારોનું આલિંગન આજેય મેં ફેફસાંમાં સાચવી રાખ્યું છે. આજેય મેલાં પાણી ઢીંચણ સમાણાં થાય છે ત્યારે એ બેટરીનો પ્રકાશ દેખાય છે. મને પ્રકૃતિએ એ દિવસે જે આપ્યું હતું, એનો જ જાણે કે વિસ્તાર આ જગત છે એવું લાગ્યા કરે છે. આવું ભરચક બાળપણ એ મારા જીવનનું ભાથું છે.

એસએસસી સુધી આવી રીતે ધૂળિયા જીવનમાં પ્રકૃતિ પીધી, મેળાઓ અને મિજબાનીઓમાં ખેતરના શેઢે ગીત ગવાતાં. રાયણ અને આંબા સાથેનો ઘરોબો અમારા સરઢવ નારદીપુરના રસ્તાના ભેરુ જેવો હતો. પ્રજાપતિવાસમાં ઘડાતા ઘડા જોવામાં એક દિવસ તલ્લીન થઈ ગયેલો તો ભલાભાઈ પ્રજાપતિએ જગાડતા હોય એ રીતે મને ઉઠાડેલો, ત્યાંથી મોસાળમાં એક મંદિરિયું ખેતર હતું, મંદિરની પૂજા કરતા નાના કે એમના પૂર્વજોને મળ્યું હશે. વિજાપુરનું એ માલોસણ ગામ જુદી રીતે પ્રકૃતિપૂરક રહ્યું. વિજાપુરથી વિસનગર તરફ જતી

# ધુમ્મસનું આ નગર

ખબર પણ ન પડે એ રીતે કેલેન્ડરનું પાનું ફર્યું અને ફેબ્રુઆરી પ્રગટ્યો. આમ તો ખબર પડે જ, પણ ઋતુચક્રનું કશુંક અજબગજબ બદલાઈ જવું. શબ્દઋતુનું અચાનક જ લીલાછમ્મ હાસ્યમાં વહી જવું. અને અચાનક જ મનુષ્યના બદલાઈ ગયેલા સ્વભાવના સાવ અલગ જ પ્રકારના આયામો સામે આવવા એ બધી જ બાબતો એક બાબત ઉજાગર કરે છે. તે છે, સમયના વહેવાની રીત અને એની નિઃશબ્દ ગતિ.

આજે સવારે ધુમ્મસ આખા બગીચાને બાનમાં લઈને ઊભું હતું. જે ઝાડ કાલ સુધી વાતો કરવા ખુકી ઊઠતાં હતાં આજે દેખાતાં પણ નથી. એમના ખભા અને હાથ ઉપર સફેદ પાટા જેવું ધુમ્મસ બંધાઈ ગયું છે. શું વીંટળાઈ વળ્યું છે. કશોક અજંપો છે કે કોઈ ગૂઢ સમયદૂત આવીને આપણને ન સમજાય એવી ભાષામાં કશાક મંત્રો ઉચ્ચારે છે. પેલી બાજુ અનાથ ગલૂડિયાં જેવાં લાગતાં ફૂલોનો શો વાંક? કેવાં હસતાં હસતાં વાતો કરતાં હતાં, ગઈકાલે! ઘણી વાર વિચાર આવે બગીચાને બગીચો કોણ બનાવે છે. ફૂલો, પવન કે મનુષ્યો? કે બધાં એકસાથે હોય ત્યારે જ આ વનસ્પતિ-કોલોની બગીચો કહેવાય છે. ગીત ગાતાં પક્ષીઓની સંવેદનશીલતા મને કાયમ ઉગારી લે છે. મનુષ્યનું અડિયલ વર્તન, નિષ્ઠુર વર્તન હોય તો પણ બગીચાનાં વૃક્ષો કોઈ 'રિસ્પોન્સ' નથી આપતાં, પણ હસી કાઢે છે, એની અવગણના કરે છે. આજે ધુમ્મસભરી આ સવારે બગીચા સાથે વાતો કરવી છે, એની સફેદાઈ ગયેલી દાઢી, એના સુગંધિત પવનોમાં

પડેલાં મોટાં મોટાં ગાબડાં અને સાવ આ તરફ ધ્રૂજતાં ગાત્રો સાથે ઊભેલાં મનુષ્યો... આમ જોઈએ તો ધુમ્મસ તો એક આંખે પાટા બાંધી ઊભેલી એક રાણી છે એ તમને પણ આ જગત ન જોવા દે. પણ અહીં બગીચાની પથારી પર કસરત કરતા જુવાનિયાઓ એક રીતે ધુમ્મસમાં પોતાના હાથની ચક્રાકાર ગતિનાં ચિત્રો દોરે છે. તો દૂર આ ઝાંખા પડી ગયેલા વિશ્વનો લાભ લઈને એકબીજાને ચોંટીને બેઠેલાં બે પ્રેમીપંખીડાં અદ્‌ભુત વિજયભાવથી છલકાઈ રહ્યાં છે. કોણ જાણે કેમ પણ રોજ આવીને જાતજાતનાં ગીતો ગાતાં પંખીઓ આજે આવ્યાં નથી, એમને મન આ કોઈ શિકારીની સફેદ જાળ લાગી હશે. જોકે આશ્ચર્ય વચ્ચે દૂર દૂર કેટલાંક કબૂતર પાણીને કિનારે સાવ નિર્લેપભાવે બેઠાં છે. એમણે આ ધુમ્મસની નોંધ લીધી છે કે નહીં તેની પણ મને ખબર નથી, હું અચંબામાં સફેદ ઇંડા જેવા ધુમ્મસ ગોળાની બીજે પાર છું કે એની વચ્ચે છું એ અંગે કશું જ નક્કી કરી શકતો નથી. આ એક રમણીય કન્ફ્યુઝન છે. આકાશ ક્યારનુંયે નીચે ઊતરીને ફેલાઈ ગયું છે, હું એના કોઈ પાતળા પડળમાં મારી ભાષાની દાબડી મક્કમ હાથે પકડીને તણાઈ રહ્યો હોઉં એવું લાગે છે. સવાર પડ્યું છે એવા સમાચાર વહેંચવા દોડેલો એક પવનકુમાર હાંફી રહ્યો છે. છાપા પર છપાયેલી તારીખ કશીક ભીનાશ અનુભવે છે. એને પણ ભુલાઈ જવું છે એવી મસ્તી ખળખળ વહેતી હોય એવું કશુંક સંભળાય છે. ઋતુઓનું આવી રીતે અજાણ્યું વર્તન કરવું ક્યારેક આપણને લાગે કે આપણે કોઈ બીજા ગ્રહ પર આવી ગયા છીએ.

ધુમ્મસના કણ હવે ચારે તરફ ફેલાઈ ગયા ત્યારે સૂર્યકિરણો થોડું મૂંઝાયાં પણ પછી તો એક એક ધુમ્મસના કણ સાથે યુદ્ધ આરંભ્યું. ટાંકણી ભોંકાતા જેમ નાની ટીકડીઓ ફૂટતી હોય અને જે અવાજ થાય એવો સહેજ પણ અવાજ ન થાય પણ ટાંકણીઓ જેવાં અણિયાળાં સૂર્યકિરણો ધુમ્મસના કણોને ફોડતાં રહે, ફોડતાં રહે તે અનુભવી શકાય. વિટામિન-ડી ખાવા આવેલા કોઈ વૃદ્ધ જેવો બગીચાનો બાંકડો ધુમ્મસ સાથે વાત કરવા મથે છે.

હવે, ધીરેધીરે સફેદ રંગની ચાદર કોઈએ ખેંચી લીધી હોય એવી અનુભૂતિ આવતી જાય છે. સાવ ખુલ્લી મુઠ્ઠીમાં રેખાઓ દેખાય એમ બગીચાની રેખાઓ ઉભરી આવે છે. ખૂણામાં બેઠેલું એક વૃદ્ધ-યુગલ, આંખો ચોળીને હમણાં જાગી હોય એવી નમણી નારી જેવી લાગતી મોંઘી ગાડીઓ અને તડકો નીકળે એની રાહ જોઈને બેઠેલાં ક્રીડાતુર બાળકો ધુમ્મસની 'વિદાય'ને ઉજવવામાં પડ્યાં છે.

આ છેડેથી પેલે છેડે સુધી બગીચાના ચારેય ખૂણા શોધવાની મને ઉતાવળ છે. ક્યારેક એમ વિચાર આવે છે જે ધુમ્મસ ગયું એ ગયું જ ક્યાં છે, એ તો અહીં જ કણકણ વેરાઈ ગયું છે, અહીં જ ભણેલા લોકો ધુમ્મસને જુદા સ્વરૂપે સાચવવા મથી રહ્યા હોય એવું કેમ લાગે છે.

ધુમ્મસ જતું નથી, એ જણાઈ ન આવે એવી રીતે સાવ અલગ જ રૂપે પ્રગટે છે. એ ધુમ્મસિયા માનસિકતા કહેવાય છે, જ્યાં માણસ માટે 'ક્લેરિટી' પાપ ગણાય અને સફેદ રંગની ગેરસમજ પહેરીને જે રીતે વિચારો વછૂટવા લાગે છે ત્યારે એમ થાય આના કરતાં પેલી ધુમ્મસભરેલી ક્ષણ અને સભા સારા હતા. મારા પ્રિય મિત્ર અને વડીલ મફત ઓઝાના કાવ્યસંગ્રહ 'ધુમ્મસનું આ નગર' યાદ આવે છે. કોઈ સ્કાયસ્ક્રેપર પરથી પસાર થતા વાદળની તકલાદી મૂંઝવણો અને તડકાથી હૂંફાળા બનતા દિવસોમાં મનુષ્યના સ્નેહની હૂંફ ખૂબ જ આશ્વાસન આપે છે. આવો, ધુમ્મસની આરપાર જોવાનું રાખીએ...

# આકાશમાં રાતવાસો

ઘર સિવાય ક્યાંય રાત પસાર કરવી પડે ત્યારે 'રાતવાસો' શબ્દ હાથ લાગે છે. એમાં ઉજાગરાની વિટંબણા નથી હોતી, પણ ઘેર નથી એની એક સૂતેલી લાગણી હોય છે. ઘર આગળ ગાયની જેવું ઊભેલું અંધારું નથી હોતું, થોડું અજાણ્યું, ઘેરું અને પરિણામે ઝીણી બિહામણી ઝરમર સાથેનું હોય છે. ક્યારેક સાવ અજાણી જગા હોય તો તદ્દન નવા જ પ્રકારની બીક હોય. યાદ છે એક કિસાનમિત્ર સાથે ખેતરમાં રાતવાસો કરેલો. કૂવાકાંઠે ઓરડી બહાર ખાટલામાં, બાજુમાં કૂવો, પાણીની સાપના જેવી ગતિ, તારાઓની અણીદાર નજર, ખાટલાની ગોદડીમાં કો'ક ચોકીદારની બીડીની ગંધને લીધે ઉધરસ ખાતું અંધારું... બધું યાદ આવે છે.

આજે અમેરિકાથી આવી રહ્યો છું, વિમાન ઓગણચાલીસ હજાર ફૂટ ઉપરથી ઊડી રહ્યું. આકાશકન્યાઓએ કશુંક જમાડ્યા અને તેને 'ડિનર' કહ્યું તેનું ઘેન ચઢવા લાગ્યું છે. ઊંઘું છું, અજાણ્યા ઓશીકે માથું મૂકી ઊંઘું છું, દીકરીનાં આંસુઓને યાદ કરીને ઊંઘું છું. અમેરિકાથી જે ડ્યૂટી-ફ્રી મળે છે, તે આંસુઓ છે. આ આકાશી ઊંઘનો આજનો અનુભવ જુદો છે તેથી તાજો છે. આકાશી રાતવાસો છે, તારાઓના સપનાઓના ટુકડાઓને ઊંચકીને ફરતાં વાદળોને જોઉં છું. એમની આંખોમાં શબરીની પ્રતીક્ષા વાંચવા મથું છું. ચાતકની તરસ અને વિહ્વળતાના પૂર્વજન્મ જેવા અવાજોના પડઘા સંભળાય છે. હું મારી આંખોમાં ઇક્ષ્વાકુ-વંશની કથા કહેતા અમીષ ત્રિપાઠીના શબ્દો આંજું છું. જાગીને જોઉં

છું તો વાદળમાં વશિષ્ઠની દાઢીની પરિપક્વતા ફરફરે છે. રામ અને લક્ષ્મણ યુગધર્મની વાતો કરતા તે શબ્દોની એક પંક્તિ બારીમાંથી અંદર આવવા મથે છે. હું મારી ઊંઘના તોતિંગ મકાનમાં પુરાયેલો અનુભવું છું. આકાશમાં એકાકાર થયેલી પૃથ્વીની સરહદો વિનાની તસવીર બતાવતા ટીવી સ્ક્રીનને ઓલવી નાખું છું. રાતવાસાની પડોશમાં વહેતો અવાજ બારીની બહાર ઊભો છે. કેટલા યુગોજૂનો અવાજ જે અહીં થીજી ગયો છે એને હું મનની અણીદાર સોય ભોંકીને ખોલું છું. એક નવી અનુભૂતિ જન્મે છે, એક નવી ભાષાની પંક્તિ પહેરીને ઊભેલું અંધારું ધબકે છે, વિમાનમાં અંધારું કરવામાં આવ્યું છે, અંગ્રેજી અને ગુજરાતીના શબ્દોની ઊંઘી ગયેલી બારાખડીને વાંચવા મેં સૂતેલી સમજને કામે લગાડી છે. આકાશના રાતવાસાની મઝા એની ગુરુત્વાકર્ષણ સાથેના સંઘર્ષની છે, એનું ભાન પણ ન પડે એ માટે વિજ્ઞાન કામે લાગ્યું છે. ઊંઘ આવી જાય છે. કેટલાક સ્ક્રીન પર જુદાં જુદાં દશ્યોથી મુસાફરો પૃથ્વી પર પહોંચી જવાનો વ્યર્થ પ્રયત્ન કરે છે, હું મારી ઊંઘથી ઘેરાયેલી ભાષાને ઊંઘવા દઉં છું. હું મારામાં સંકોચાયેલી પૃથ્વીને એના સૂરજ સાથેના અને વાદળ સાથેના અને આકાશ સાથેના સંબંધને ભૂલી જાય એવા કો'ક ક્લૉરોફૉર્મની શીશી સૂંઘાડું છું, અને મારી સાથે મારી આખી સૃષ્ટિ ઓલવાઈ જાય છે. આકાશનો રાતવાસો અચાનક જ એક સરસ યોગનિદ્રાનો પ્રયોગ બની જાય છે. ચંદ્રનો આવો પડોશ, તારાની આવી ભાષાહીન ભાવમુદ્રા મને તરબતર કરી રહી છે. આ ઊંઘવાનું અને જાગવાના મિશ્રણનો આસવ ઝમી રહ્યો છે મારી આંખોમાં. હું ઊઠીને મારાં પુસ્તકોને જાગૃતિનાં ચશ્માં પહેરાવી મારી ભાષાને જગાડું છું, જેથી એ પણ આ આકાશી રાતવાસાની સુગંધથી મઘમઘે. છેલ્લે તો દરેક ઊંઘ એક જાગૃતિની જ આરાધના હોય છે.